હાલાઇ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટ મુખપત્ર

# ટાઇમ્સ ઓફ ખત્રી
# Times of Khatri

માસિક

HALAI MUSLIM KHATRI TRUST
A Team with Many Hands Devoted for Education

હાલાઇ મુસ્લિમ ખત્રી સમાજની સેવાર્થે ● આ માસિક પત્રિકાને રાજદ્વારી બાબતો સાથે કશો જ સંબંધ નથી. ફકત સમાજિક સેવાનો ધ્યેય છે.

વર્ષ–૭ અંક–૮ સળંગ અંક–૭૬ માહે–મોહર્રમ હિજરી–૧૪૪૫ ઓગષ્ટ–૨૦૨૩
તંત્રી : રફીક અબુબકર છાટબાર For abroad: £ 10 વાર્ષિક લવાજમ રૂા. ૧૨૦/–

## આપણી વ્યાખ્યા

રજૂઆતઃ મોહંમદ હુસેન એ. ધડા, પોરબંદર

“જેના દાદા-દાદી, નાના અને નાની બધા હાલાઇ ખત્રી હોય એ જ હાલાઇ ખત્રી ગણાશે.”

આ વ્યાખ્યા આપણાં વડીલો અને આપણી સર્વોચ્ચ સંસ્થા ફેડરેશનના ભૂતપૂર્વ વડાઓ તથા તે સમયના બુધ્ધિજીવીઓ એ મળીને નક્કી કરી અને આપણાં બંધારણમાં તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો.

આ વ્યાખ્યા સાથે એકાદ બે ક્ષુલ્લક બનાવો સિવાય દેશ વિદેશમાં વસતા દરેક હાલાઇ ખત્રીને વર્ષ ૨૦૧૭ સુધી નિર્વિરોધ અને સ્વૈચ્છિક કબૂલ મંજૂર હતી અને અલ્હમ્દુલિલ્લાહ ગામે ગામ અને શહેરોમાં વસતા પરિવારો અને ત્યાંના આગેવાનો ન કેવળ આ વ્યાખ્યાનો સ્વૈચ્છિક અમલ કરતા હતા પરંતુ આપણી વ્યાખ્યા માટે ગર્વની લાગણી અનુભવતા હતા.

પરંતુ ઇ.સ. ૨૦૧૭નું વર્ષ આ વ્યાખ્યા માટે મુશ્કેલી લઇને આવ્યું. આ વર્ષ દરમ્યાન વ્યાખ્યાનો અમુક શહેરના જૂજ પરિવારો દ્વારા વિરોધ શરૂ થયો. સાથો સાથ એ જ વર્ષ દરમ્યાન આપણી સંસ્થા હાલાઇ મુસ્લિમ ખત્રી ફેડરેશનની સામાન્ય સભા (અધિવેશન)નું પણ ડિસેમ્બર માસ દરમ્યાન આયોજન કરવામાં આવ્યું. વ્યાખ્યા બાબતની ચર્ચાઓને વોટ્સએપના માધ્યમથી થોડો વેગ મળવા લાગ્યો. ફેડરેશનના અધિવેશનનું પોરબંદર મુકામે ભવ્ય આયોજન થયું અને હાલાઇ મુસ્લિમ ખત્રી ફેડરેશનની નવી સમિતિનું ગઠન થયું. આ અધિવેશનમાં અતિથિ વિશેષ તરીકે આદરણીય જનાબ હાજી અમીન શેઠ (કરાંચી)ને ખાસ આમંત્રણ આપવામાં આવ્યું અને આ આમંત્રણને માન આપી તેઓ ખાસ કરાંચીથી અત્રે ઉપસ્થિત રહ્યા. આ અધિવેશન દરમ્યાન ઉપસ્થિત વિવિધ જમાતોના આગેવાનો અને મહેમાનો વચ્ચે વ્યાખ્યા બાબતે ચર્ચા શરૂ થઇ અને આ ચર્ચા ધીરે ધીરે ઉગ્ર બનવા લાગી. પરંતુ મહત્તમ હાજર સભ્યો વ્યાખ્યાને આપણી શાખ સમજી અને તેને અબાધિત રાખવાના મંતવ્યની તરફેણ કરનારા હતા. સ્વયં હાજી અમીન શેઠે તેમના પ્રાસંગિક પ્રવચનમાં વ્યાખ્યાની મહત્તા સમજાવી અને વ્યાખ્યા બદલવાના લાંબા ગાળે થનારા ગેરફાયદા ખૂબ જ અસરકારક અંદાજમાં સમજાવ્યા હતા. મુરબ્બી અમીન શેઠની એક રજૂઆત નોંધપાત્ર એ હતી કે આજે અહીં અધિવેશનમાં ઉપસ્થિત તમામ સભ્યો હાલાઇ ખત્રી છે એ આપણે સંપૂર્ણ ખાતરી સાથે કહી શકીએ છીએ, પરંતુ જો એક વખત આ વ્યાખ્યા સાથે છેડછાડ કરવામાં આવશે એ પછી આપણાં સમાજના આ પ્રકારના કોઇ આયોજનમાં કોણ ખત્રી છે અને કોણ બિન ખત્રી તેની ઓળખ નહિ કરી શકો. મૂળરૂપે આ વ્યાખ્યા બદલવાની ચળવળનો ઊંડાણે અભ્યાસ કરતાં એ હકીકત તરીને આ છે કે વ્યાખ્યા બદલવાની તરફેણ કરનારો વર્ગ બહુ ઓછો છે કારણ કે હાલાઇ ખત્રી તરીકે હાલાઇ ખત્રીને પોતાના પૂર્વજો દ્વારા આપવામાં આવેલી આ એક બહુમૂલ્ય શાખ છે.

વ્યાખ્યાને આપણે બે અલગ અલગ દ્રષ્ટિકોણથી જોઇ શકીયે છીએ.

પ્રથમ દ્રષ્ટિકોણ આ વ્યાખ્યાને વળગી રહેવાનો છે. આપણી બિરાદરીનો મહત્તમ વર્ગ આ વ્યાખ્યાને સ્વેચ્છાએ કોઇ પ્રકારના દબાણ વગર અમલ કરવાની તરફેણ કરનારો છે. જેની સાબિતી ઇ.સ. ૨૦૧૭ થી ૨૦૨૦ દરમ્યાનના કાર્યકાળ દરમ્યાન સત્તાવાર રીતે ચૂંટાયેલ સમિતિ દ્વારા સમગ્ર દેશના ઘરે ઘરથી લેખિતમાં મેળવવામાં આવેલ લોકમત દ્વારા મળી. આ લોકમતમાં ભારતભરની દરેક જમાતને એક લેખિત પ્રોફોર્મા મોકલી લગત જમાતના ઘરેઘરથી એ અભિપ્રાય તલબ કરવામાં આવેલ કે વ્યાખ્યા અબાધિત રાખવી યોગ્ય છે કે વ્યાખ્યામાં ફેરફાર કરવાની જરૂરીયાત છે. આ લોકમતની પ્રક્રિયા ખૂબ જ નિષ્પક્ષ અને પારદર્શક રીતે કરવામાં આવી હતી. હાલાઇ મુસ્લિમ ખત્રી ફેડરેશનના તત્કાલીન પ્રમુખ જનાબ મોહંમદભાઇ શફીભાઇ કારાતેલા દ્વારા આ પ્રક્રિયાની શરૂઆત પહેલા સમગ્ર સમિતિને ભારપૂર્વક આહ્‌વાન કરવામાં આવેલ હતું કે આ પ્રક્રિયા દરમ્યાન સમિતિના કોઇપણ સભ્ય એ પોતાના અંગત અભિપ્રાયનો પ્રભાવ પાડયા વગર લોકમત મેળવવાનું છે.

અનુસંધાન પાના નં. ૮ ઉપર

+91 9820223138

Fauz EXPORTS
Manufacturer - Exporter - Importer
(Serving Our Valued Customers Since 1994)
(Government Recognised Two Star Export House)

Asif Khatri
Managing Director

179, Commercial Chambers,
5th Floor, Office No. 70, Yusuf Meher Ali Road,
Opp. Zakaria Masjid, Mumbai - 400 003. (INDIA)
+91 22 2345 5378 / 2345 5479
: fauzexports@gmail.com
: www.fauzexports.com

# આપણી ફરજો

રજૂઆતઃ અ.ગફાર એમ. સોનેજી "નૂરી", દુબઈ

દુનિયામાં જન્મ લેનાર દરેક વ્યક્તિ ધર્મ, જાતિ, રંગ રૂપ વિગેરેમાં વિભાજીત થાય છે. દરેકની જીવનશૈલી પણ અલગ અલગ હોય છે, તેમનું ચાલ-ચલનની ઝલક પણ એક અલગ પ્રકારે પ્રદર્શિત થતી હોય છે. આમાં પ્રશ્ન એ ઉદ્‌ભવે છે કે આમાં કોને શ્રેષ્ઠતા આપવી? શ્રેષ્ઠતાની પરિભાષા સમજીએ તો તે સારા અખ્લાક છે. એક બીજા પ્રત્યે સદ્‌વર્તન કેવું રાખે છે તે ઉપર નિરધારિત થાય છે.

ઘણી શ્રેષ્ઠ ઉમ્મતો દુનિયામાં આવી વિલય થઇ ગઇ. આપણે પણ શ્રેષ્ઠ ઉમ્મતી છીએ, સર્વશ્રેષ્ઠ ઉમ્મતી. તે આધારે જોઇએ તો આપણી જવાબદારીઓ પણ વધી જાય છે. આપણી શ્રેષ્ઠતાનો આધાર ગણીએ તો તે આપણાં પ્યારા નબી એ કરીમ (સલલ્લાહો અલૈહિ વસલ્લમ) છે. તેમના રહેમો કરમની એ મોટી દેન છે. દરેક શ્રેષ્ઠતા તેમના કામો, કાર્યોથી પ્રકાશમાં આવે છે. તેમના પ્રતાપે જ શ્રેષ્ઠતા મળી છે. આપણી જીવનશૈલીનો હરએક પલનો, ક્ષણોનું વિશ્લેષણ કરીશું તો તેમના બતાવેલા માર્ગને અપનાવીને જ શ્રેષ્ઠતા પ્રાપ્ત થઇ શકે, તે જ શ્રેષ્ઠ ઉમ્મતી કહેવાશે.

શ્રેષ્ઠ ઉમ્મતી બનવા આપણે કઇ કઇ જરૂરીયાતોને ધ્યાનમાં રાખવી જોઇએ તેનું વિશ્લેષણ કરીશું. શ્રેષ્ઠ ઉમ્મતી બનવા જીવનમાં શું શું અનુભવો જરૂરી છે, તે પણ જાણવા જરૂરી છે.

શ્રેષ્ઠ ઉમ્મતી તરીકેની આપણામાં શું શું જરૂરીયાત હોવી જોઇએ. ઉમ્મતી તો બની ગયા, ઉમ્મતી કોને કહી શકાય? તે માટે ઉમ્મતી શબ્દાર્થની છણાવટ કરી લઇએ એટલે સમજવામાં સરળતા રહેશે. ઉમ્મતીમાં ત્રણ અક્ષરો છે. (૧) અલીફ (૨) મીમ (૩) તે - છે. અલીફ=અલ્લાહ, મીમ=મોહંમ્મદ અને તે=તાબેદારી. સરળતાથી સમજીએ તો અલ્લાહ અને તેના પ્યારા રસુલ મોહંમ્મદ (સલલ્લાહો અલૈહિ વસલ્લમ)ની તાબેદારી કરનાર જ ઉમ્મતી કહેવાશે. ઉમ્મત તેને કહેવાશે જે અલ્લાહ અને તેના પ્યારા રસુલ (સલલ્લાહો અલૈહિ વસલ્લમ)ની સંપૂર્ણપણે તાબેદારી સ્વીકારી જિંદગી બસર કરે. સાચા ઉમ્મતી બનવા માટે આપ સરકારે મદીના (સલલ્લાહો અલૈહિ વસલ્લમ) તેના સહાબા એ કિરામ અને નેક લોકો જેના પર અલ્લાહની કરમની વર્ષા થઇ હોય ને તેના બતાવેલા રાસ્તા પર ચાલશે. તેમના માંથી કોઇપણ પ્રત્યે બદગુમાની નહીં રાખે તેજ સાચો ઉમ્મતી ગણાશે. હવે ચિંતન કરવાની જરૂર છે કે આપણે કેટલી વફાદારીથી તેનું પાલન કરીએ છીએ. ઉમ્મતીના ગુણધર્મો તો અનેક છે તેમાંથી થોડાક જ ઉપર ચર્ચા કરીશું.

જાણે-અજાણે નફસના ધોખાથી આપણી નમાઝો છૂટી જતી હોય છે યા કઝા થઇ જતી હોય છે, તે ન થવું જોઇએ. ગમે તેવી પરિસ્થિતિ ઉદ્‌ભવે પણ નમાઝના સમયે નમાઝ પઢી લેવી જોઇએ. બીજું, ગુનાહથી બચવું જરૂરી છે. હલાલ રોજી કમાવવા પ્રયત્નશીલ રહેવું જોઇએ. ગુનાહ કરવાથી મનુષ્યની રૂહાનિયત ખતમ થઇ જતી હોય છે. હરામ લૂકમો પેટમાં જાય તો ઈબાદત કઈ રીતે કબૂલ થાય? ન જ થાય.

રીસ્તેદારો સાથે સદ્‌વર્તન પણ એટલું જ જરૂરી છે. સદ્‌વર્તન તમારામાં ત્યારે આવશે કે તમે ગુસ્સાને પીતા શીખી જાવ. ગુસ્સો કરવો હરામ છે. ગુસ્સામાં શૈતાન તમારા બધા નેક આમાલોને બરબાદ કરી દે છે. જેણે ગુસ્સાને રોકયો તેના માટે અલ્લાહ તેના અઝાબને રોકી લેશે. ઉમ્મતી માટે કેટલો મોટો સવાબ. મિશ્કાત શરીફની હદિષનું મફહૂમ છે.

ઉમ્મતી કદી કોઇની તરફ હસદની નઝરથી નહીં જુએ. હસદ કરનાર વ્યક્તિ પોતાની હસદની આગમાં સળગતો રહે છે. હસદ નેકીઓને એવી રીતે ખાઇ જાય છે જેવી રીતે આગ લાકડીને ખાઇ જાય છે. (અહયા ઉલઉલુમ). જરૂરતથી વધુ માલ, દૌલત પ્રાપ્ત કરવાનું નામ 'લાલચ' છે. તેનાથી દરેક ઉમ્મતીએ બચવું જોઇએ. લાલચનો કોઇ અંત નથી હોતો. "કયામતના દિવસે સૌથી વધુ બદતર તે માણસ હશે જેણે બીજાની દુનિયા ખાતર પોતાની આકેબત બરબાદ કરી." (ઇબ્ને માજા શરીફ હદિષનું મફહૂમ).

ઇન્સાને કયારેય ઘમંડ કે કંજુસાઇ ન કરવી જોઇએ. જેના દિલમાં રાઇના દાણા બરાબર પણ ઇમાન હશે તે જહન્નમમાં દાખલ નહીં થાય. તેજ રીતે જે માણસમાં રાઇના દાણા બરાબર ઘમંડ હશે તે માણસ જન્નતમાં દાખલ નહીં થાય. (મિશ્કાતઃ પે.૪૩૩, ભાગ-૨)

ઇન્સાને ખુદપસંદી (હું કાંઇક છું)થી દૂર રહેવું પડશે. જેથી દુનિયાની મોહબ્બતથી દૂર રહી શકાશે, રીયાકારીથી દૂર રહેશે, પ્રશંસાથી દૂર રહેશે, ટીકાકારોથી દૂર રહેશે,

Dr. Aziz Khatri - Mob. 093224 03733
Mohshin Khatri - Mob. 098674 66346

KHATRI DIAGNOSTIC CENTRE
MUMBAI

FACILITIES OFFERED:
Digital X-Ray, Pathology, Sonography, E.C.G., Color Doppler, E.E.G., Stress Test, 2D Echo, C.T. Scan, MRI, P.F.T., APG

Mohammed Husain Girach
Mob. 96621 95028
Abulhasan Girach
Mob. 90995 59155

EMPIRE CREATION
Mfg. or Exclusive Dress Materials & Bandhani
Wholesaler and Retailers
Main Road, Navagadh (Jetpur)

બદગુમાનીથી પણ દૂર રહેશે. તેમની જીભથી સદા ઝીક્રે ઈલાહી જ સાંભળવા મળશે. તે કોઇનું દિલ નહીં દુખાવે, જીભ પ્રશંસા કરે તો દિલમાં ખુશી થાય અને મસ્તીની અસર થાય છે અને જયારે વિફરે તો દિલમાં બૂરાઇનું અંધારૂ ફેલાઇ જાય ને કયારેક હાડકા પણ ભંગાવી નાખે!!

ઉમ્મતી હંમેશા બદ્અખલાકીથી બચતો રહેશે. બદ્અખલાકી આપણાં નેક અમલને એવી રીતે બરબાદ કરી દે છે જેવી રીતે સિરકો મધને ખરાબ કરી દે છે. ઇન્સાનને સૌથી બેહતરીન ચીજ આપવામાં આવી છે તે સારા અખ્લાક છે. (મિશ્કાત શરીફનું મફહૂમ).

ઉમ્મતીથી જયારે પણ જાણે-અજાણે ભૂલથી ગુનાહ થઇ જશે તો તે તરત જ અલ્લાહની બારગાહમાં માફી માંગી લેશે. અલ્લાહને માફી માંગનારા ખૂબ પસંદ છે. ''દોઝખમાં મદદ માંગનારા વધુ લોકો તે હશે જેમણે તૌબા કરવામાં વાર લગાડી હશે.'' (હદિષનું મફહૂમ). માટે માફી માંગવામાં ઝડપ કરવી જરૂરી છે. નફસની સફાઇ થતી રહેશે. એટલું જાણી લો કે નફસ સાથે મિત્રતા કરનાર કયારેય અલ્લાહનો દોસ્ત નથી બની શકતો. 'લાઇલાહા ઇલ્લલ્લાહ'ના કિલ્લામાં દાખલ થઇ પુરી 'અઉઝોબિલ્લાહ' પઢી લેવાથી દીન પર મજબૂતી મળશે, સલામતી મળશે. શૈતાની ધોખાથી બચાવ થશે અને અલ્લાહની મદદ મળશે. આનાથી વિશેષ શું જોઇએ, ઉમ્મતે રસુલ (સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમ)ને..

સરકારે મદીનાના ઉમ્મતી બનવા હઝરત મુસા અલૈહિસ્સલામ એ પણ ઇચ્છા દર્શાવી હતી અલ્લાહ જલ્લે શાનહુનો જેટલો પણ આભાર માનીએ તેટલો ઓછો છે કે આપણને તેમના ઉમ્મતી બનાવી અમૂલ્ય ભેટ અર્પણ કરી છે. અલ્હમ્દોલિલ્લાહ...

ઉમ્મતે રસુલ (સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમ)ની પહેચાન માટે તેનું નમાઝી હોવા સાથોસાથ ઠંડો દિમાગ, મીઠી ઝુબાન, નરમ ખુશગવાર દિલ અને તેના ચેહરા પર જે મુસ્કુરાહટ સાથે ઇમાનની રોશની દેખાય તો સમજી જજો કે તે સાચો ઉમ્મતી છે.

# મહોબ્બતે રસુલ (સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમ)નો તકાજો અને મહોબ્બતના દાવેદારોની હાલત

વર્તમાન સમયે આશિકે નબી (સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમ) હોવાનો દાવો કરનારા આપણા મોટાભાગના સુન્ની ભાઇ-બહેનોની સ્થિતિ જોઇને કોઇપણ એહલે સુન્નતના હમદર્દને ખરી હમદર્દી દિન તથા સુન્નીયતથી હશે તો લોહીના આંસુ રડવા દિલ બેકરાર થઇ જશે.

દા.ત. કોઇ સુન્નીના ઘરે શાદીમાં કે મૈયતમાં ભીડ જુઓ તો મોટાભાગે આપણાં સુન્ની (નામના), વહાબી-દેવબંદી સૌની ભેળસેળ અચૂક જોવા મળશે અને માન-પાન સાથે તેમની સાથે મુસાફા તથા ગળે મળવાના દ્રશ્યો જોવા મળશે. જાણે સુન્ની-દેવબંદી વચ્ચે કોઇ ભેદ ન જણાશે. એજ પ્રમાણે કોઇ દેવબંદી, વહાબી, એહલે હદીષ, રાફઝી-તફઝિલીને ત્યાં આવો પ્રસંગ હશે તો ખુશી ખુશી આપણાં સુન્ની ભાઇઓ પહોંચી જશે, તેમજ રોજ ઉઠીને તમને સાંભળવા મળશે કે ફલાણાના છોકરા કે છોકરીની શાદી ફલાણા ગામના બદ'અકીદાને ત્યાં નકકી થઇ. ફોરેન જવાની કે માલદારીની લાલચમાં અથવા આમ પણ રોજબરોજ સગાઇ સંબંધ તથા શાદીઓના પ્રસંગોમાં જવાની આપણાં સમાજમાં હાલના એવા સમયે વધી રહી છે જયારે કે દેવબંદી, વહાબી, એહલે હદીષ, રાફઝી-તફઝિલી વગેરેના કુફ્રી અકીદાઓને જગજાહેરમાં આપણાં બુઝુર્ગોએ બયાનોમાં અને પોતાની કિતાબોમાં સચોટ રીતે સતત જાહેર કરવામાં આવે છે. છતાં પણ આપણાં કહેવાતા ખાલી નામના સુન્ની ભાઇ-બહેનો જાણવા-સમજવા છતાં જાણે દિનથી બેઝાર થઇ ગયા હોય તેમ એ વાત પર કોઇ લક્ષ કે ગંભીરતા આપ્યા વિના રસૂલે પાક સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમના દુશ્મનોને પોતાના સગા-વહાલા બનાવી રહયા છે.

બદ'મઝહબોથી સલામ કલામ અને રિશ્તેદારી બાબતે રસુલે કરીમ સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમનું આલીશાન ફરમાનઃ

હઝરતે અબુ હુરૈરહ રદીઅલ્લાહો ત્આલા અન્હુ ફરમાવે છે કે રસુલે આઝમ સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમે ફરમાવ્યું કે બદ'મઝહબ જો બીમાર પડી જાય તો તેઓની ખબર ના લો, અગર મૃત્યુ પામી જાય તો તેમના જનાઝામાં શામિલ ના થાવ, અગર તેમના જોડે મુલાકાત થાય તો તેમને સલામ ના કરો, તેમની સાથે ના બેસો, તેમની સાથે પાણી ના પીયો કે જમો નહીં, તેમની જોડે શાદી ના કરો, તેમની સાથે નમાઝ ના પઢો. અનવારૂલ હદીષ, પાના નં. ૫૬

– મીનજાનીબ–જમાત રઝા એ મુસ્તફા, ધોરા શરીફ



Dr. Aqsa Khatri
M.S. (Gynec), FMAS
RCOG Trainee, London UK
Kutch Women's Hospital
Complete Obstetric & Gynec Care
1st Floor, Paras Apartment, Plot No. 72, Vijay Nagar, Hospital Road, BHUJ-Kutch
02832-296396 95865 15690
follow us:
dr.aqsa4439
gynec_doctor_aqsa
24 Hrs. Emergency Facility Available

Ahmed Raza +971 6 5350313 +971 55 5983786 www.maplestar.ae Muhammed Akib +971 4 359 3987 +971 58 849 4679
ميبل ستار للكمبيوتر ش.ذ.م.م
MAPLESTAR COMPUTERS L.L.C.
Dubai : Shop No.10, Next to Gateway Hotel, Bur Dubai (UAE) • Sharjah : Shop No.9 &10, Industrial Area No.6, Sharjah (UAE)
IMPORT • EXPORT • BUY • SELL • REPAIRS • SPARES • LAPTOPS • DESKTOPS • MONITORS • AIO • RAM • HDD • SSD

# સંવાદ કરવાનું ભૂલી ગયા...

ફિરોઝખાન, ટોરંટો, કેનેડા

દોસ્તો આજે આપણાં પરિવારમાં અને સમાજમાં અનેકાનેક સમસ્યાઓ ઘર કરી ગઇ છે. દરેક વ્યક્તિ પાસે પોતાની કે સમાજની બધી સમસ્યાઓનો હલ નથી હોતો, હોઇ પણ નથી શકતો. પણ હાં, જો આપણે સમસ્યા એકબીજા જોડે ડિસ્કસ કરીએ તો ઘણી બધી સમસ્યાઓનો હલ નીકળી શકે છે, ગિલા શિકવા દૂર થઇ શકે છે. માત્ર સંવાદ થકી આ બધું થઇ શકે છે. આજે ભાઇ-બહેનો વચ્ચે, મિત્રો અને સંબંધીઓ વચ્ચે અબોલામાં આપણે કિંમતી વર્ષો વિતાવી દઇએ છીએ. આપસમાં વેર-ઝેર વધે છે. પ્યાર-મોહબ્બત ખતમ થઇ વર્ષો સુધી અબોલા રહે છે. ભાઇ-બહેના એક બીજા સામે નજીવી વાતોના લીધે કોર્ટે ચઢતા હોય છે.

આપણાં પ્યારા હુઝુર (સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમ) સાહેબે તો આપણને ડગલેને પગલે મુહબ્બતના પૈગામ આપ્યા છે. અફસોસ! આપણે એ ભૂલાવી દીધા. આપણે સંવાદ કરવાનું ભૂલી ગયા. મિત્રો જોડે તો દરેક જણ વાતચીત કરે છે. જેની સાથે અબોલા ચાલતા હોય એની જોડે સામે થઇને તમે કયારે સંવાદ સાધવાનો પ્રયત્ન કર્યો? તમે જોજો તમારી આસપાસ આવા અનેક લોકો મળશે જે વર્ષો સુધી એક બીજા જોડે નથી બોલતા.

જુવાનીમાં મારો એક દોસ્ત હતો. હાં, જીગરી દોસ્ત. દિવસમાં એકવાર ના મળીએ કે વાત કરીએ તો અમને ચૈન પડતો નહીં કોઇ એક નજીવી વાત પર અમારા વચ્ચે ઝઘડો થયો. ના, વાત મારપીટ સુધી ના પહોંચેલી. એની વાઇફ મારી વાઇફ જોડે સહેલીપણું રાખતાં. અમારા બાળકો એકબીજા જોડે હળતા-મળતા. એક દિવસ એણે એની વાઇફ અને બચ્ચાઓને પણ એકબીજા જોડે બોલતા રોકી દીધા. એક જ મહોલ્લામાં રહેતા હોવાથી રોજ એકબીજાને જોતા પણ વાત નહીં કરતા.

વર્ષો વીતી ગયા બાળકો જુવાન થઇ ગયા અને અમે આધેડ. માથાના ને દાઢીના વાળો પર સફેદી ઝળકવા લાગી. એની દિકરીના લગ્ન નકકી થયા. લગ્નની દાવત પણ મને ના મળી. લગ્નમાં જવા માટે ઓફિસેથી રજા લીધેલી. ઉમ્મિદ હતી કે એ દાવત આપશે. લગ્ન સાંજે હતા. આખો દિવસ પસાર થઇ ગયો. કોઇ ના આવ્યું.

એના ઘરના લોકોને હાલમાં જવા માટે બે કલાકનો સમય બાકી હતો. તૈયાર થઇ, વાઇફ ને બાળકોને તૈયાર કરી સારાં કપડાં પહેરી એના ઘરે ગયો. દરવાજા બહાર ઉભો રહયો. એની વાઇફે અમને જોયા. બહુ જ ખુશ થઇ ગઇ. હિમ્મત કરી સીધો દોસ્તની સામે ઉભો રહી કહ્યું 'દોસ્ત! બેટીની શાદી મુબારક હો. તેં ભલે દાવત નહીં આપી પણ હું તો ફેમિલી લઇને આવી ગયો છું. હવે તારે ધકકા મારી બહાર કાઢવો કે ગળે મળવું છે એ ઓપ્શન તારો છે.

દોસ્ત ઉભો થયો અને અમે બંને ભેટી પડયા. ખૂબ રડયા. શાંત પડયા ત્યારે એણે ભરેલા ગળે કહ્યું, 'તારી પણ દિકરી છે, હું કોણ હોવું છું તને રોકવાવાળો? આજે જો હું તને રોકવાનું પાપ કરીશ તો અલ્લાહ પણ મને માફ નહીં કહે.'

દોસ્ત, ગમે તેટલો મનમુટાવ થઇ જાય, ગમે તેટલાં અબોલા હોય સંવાદ કરવાની પહેલ કરજો. આપસી કડવાહટ દૂર થઇ મુહબ્બત પનપશે.

અલ્લાહ પાક અમારા સહુના દિલમાં આપસી મુહબ્બત ભરી દે, આમીન..

To,
Mahammad Akil Liya

શું લખું, મારી પાસે તારા માટે શબ્દો નથી,
મારે અંતરની લાગણી લખવી જોઇએ કે
અનંત પ્રેમ વિશે લખવું જોઇએ. મારે
એક સુંદર વિચાર લખવો જોઇએ કે મારે
મારૂં જીવન તમને લખવું જોઇએ, હું
તારા સુંદર વિચારો લખું કે મારો પ્રેમ
વ્યકત કરૂં, તેં જ મને તારા પ્રેમની
કલમથી લખ્યો, તારા વિના હું અધૂરી છું
આ કેવી રીતે કહેવું આ દિવસ ખુશીઓથી
ભરેલો રહે, જન્મદિવસ પર આ એકમાત્ર ભેટ છે.

**Happy Birthday**
MY AMAZING
Husband
(2nd August)

-From,
Heenakausar Khatri (Liya)

CSC　HDFC BANK　BAJAJ | Allianz　ICICI Lombard Nibhaye Vaade
All Types of Digital eGovernance
Banking & Insurance Service's Provider
Tours & Travels Booking Center
Muzakeer Raza Azhari
+91 - 70414 59591
visionconnect@yahoo.com
VISION CONNECT
Jetpur - 360 370, GUJ, IN

જુનેદ - મો. ૯૦૬૭૭ ૬૦૨૦૦
અબુભાઇ - મો. ૯૮૨૪૫ ૮૨૪૮૮
ફેમસ પાન & સોડા શોપ
અમારે ત્યાંથી દરેક જાતના ઠંડા પીણા મળશે.
જેલ રોડ, જૂનાગઢ.

Abu Khatri　Mob. 88 66 72 72 88
98245 82488
SAFEKILL
Pest Services
Quality is Our Motto
Near Fast Track Court, Jail Road, Junagadh-362 001.

# ફેડરેશનનું ૧૧મું જનરલ અધિવેશન અને કારોબારી સમિતિની ચૂંટણી જોગ અગત્યનો સંદેશ

હાલાઈ મુસ્લિમ ખત્રી જમાત
મોહતરમ જનાબ,
અસ્સલામો અલૈકુમ,

દરેક જમાઅતના પ્રમુખ/સેંક્રેટરી સાહેબને જાણ કરવાની કે હાલાઈ મુસ્લિમ ખત્રી ફેડરેશનનું આગામી ૧૧મું જનરલ અધિવેશન અને કારોબારી સમિતિની ચૂંટણી માટેની તા. ૦૩-૧૨-૨૦૨૩ નકકી કરાયેલ છે.

માટે ફેડરેશન તરફથી દરેક જમાઅતને જાણ કરવાની કે જે ૧૧મું જનરલ અધિવેશન તેમજ કારોબારી સમિતિની ચૂંટણીનું આયોજન કરવા તૈયાર હોય તે જમાઅતએ તા. ૩૦-૦૮-૨૦૨૩ સુધીમાં ફેડરેશન ઓફિસને લેખિતમાં જાણ કરવા મહેરબાની કરશોજી.

ફેડરેશનના આગામી ૧૧ મા જનરલ અધિવેશન માટે ફેડરેશનના બંધારણની કલમ-૫ (પાંચ) પેટા કલમ-૩ (ત્રણ) મુજબ ૧૦ ઘર દીઠ ૧ પ્રતિનિધિની નિમણૂંક કરી તા. ૧૦-૧૧-૨૦૨૩ સુધીમાં જે પ્રતિનિધિની નિમણૂંક કરવાની હોય તેમનો પાસપોર્ટ સાઈઝ ફોટો અને મોબાઈલ નંબર સહિત ફેડરેશન ઓફિસે મોકલાવી આપવાના રહેશે. તેમજ મહેમાને ખૂશુસી તરીકે હાજર રહેનાર સભ્યોનું લીસ્ટ પણ સાથે મોકલી આપવાનું રહેશે.

તેમજ ફેડરેશનની કારોબારી સમિતિની ચૂંટણી માટે ઉમેદવારી પત્રક તા. ૦૧-૧૧-૨૦૨૩ના રોજ ફેડરેશન દ્વારા બહાર પાડવામાં આવશે, જે ઉમેદવારી પત્રક ભરી શીલ બંધ કવરમાં તા. ૧૫-૧૧-૨૦૨૩ સુધીમાં ફેડરેશન ઓફિસે મોકલાવી આપવાના રહેશે.

ભરાઈને આવેલ ઉમેદવારી પત્રક પરત ખેંચવાની તા. ૨૦-૧૧-૨૦૨૩ રહેશે, જેની દરેકે નોંધ લેવી.

આગામી ફેડરેશનની કારોબારી સમિતિની ચૂંટણી ફેડરેશન દ્વારા નિમાયેલા ચૂંટણી કમિશનના અંતર્ગત લોકશાહી પધ્ધતિ એ કરવામાં આવશે.

**ઓફિસ એડ્રેસ**
**હાલાઈ મુસ્લિમ ખત્રી ફેડરેશન**
**C/o. હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટ**
**૩-ગોકુળનગર, ૫૦ ફૂટ રોડ પાછળ, કોઠારીયા મેઈન રોડ, રાજકોટ. મો. ૯૪૨૭૨ ૫૨૫૪૭**

**હાલાઈ મુસ્લિમ ખત્રી ફેડરેશન** વતી
સેક્રેટરી
(રફીક એ. છાટબાર)

NRP
NEW RAJ PLASTIC
Samir R.
Mob. 92272 13606
Mfg.: All type of Plastic Items and Gas Lighter Parts
3-GOKULNAGAR, RAJKOT - 360 002.

Mob. 88668 38281
88667 37270
Shop No. 1, Nagar Boarding,
Opp. Virani School,
Tagore Marg, Rajkot-360002.
E-mail: sarfaraz_8725@yahoo.com
Bharat fast food

# Important message for 11th General Convention and the election of Executive Committee of Halai Muslim Khatri Federation

Halai Muslim Khatri Jamaat,

Assalam Alaykum,

To inform the President/Secretary of each Jamaat,

The next 11th general convention of Halai Muslim Khatri Federation and for the election of Executive Committee is scheduled to be held on 3/12/2023.

Therefore, on behalf of the Federation, every Jamaat who is ready to organize the General Convention and Executive Committee Elections on the next 11th is the date. Kindly inform Federation office in writing by 30/8/2023.

For the next 11th General Convention of the Federation, according to Article 5 /3 of the Constitution of the Federation, 1 representative per 10 households has been appointed, until 10/11/2023, the passport size photograph and mobile number of the appointed representative should be compulsory sent to the Federation office, and the list of members who will be present as a guests should also be sent along with it.

Also, the nomination form for the election of the Executive Committee of the Federation will be released by the federation on 1/11/2023, which should be sent to the federation office in a sealed cover by last dt. 15/11/2023 by nomination.

The date for withdrawing the filled nomination form will be 20/11/2023, which should be noted by everyone.

The election of the Executive Committee of the next Federation will be done in a democratic manner under the Election Commission appointed by the Federation.

**<u>Office Address</u>**
Halai Muslim Khatri Federation
C/o. Halai Muslim Khatri Trust
3, Gokul Nagar, 50 Feet Road,
Behind Kotharia Main Road, Rajkot.
Mob. 94272 52547

For, **Halai Muslim Khatri Federation**

Secretary
(Rafik Chhatbar)

Since 1945

જૂના અને જાણીતા
માહિર - મો. ૯૯૦૪૧ ૨૦૧૨૫
ફોન : ૦૨૮૫-૨૬૨૩૩૩૮
ખત્રી યાકુબ ઈશાક ચશ્માવાલા
અમારે ત્યાંથી બ્રાન્ડેડ કંપનીના કાચ-ફ્રેમ તથા ગોગલ્સ, લેન્સ ખૂબ જ વ્યાજબી ભાવે મળશે.
સર્કલ ચોક, જૂનાગઢ.

# 7 Steps to Dental Health
## A Holistic Guide to a Healthy Mouth and Body

**Max Haroon**
E-mail: max@healthyaging.institute

A 1999 study published in the Journal of Clinical Periodontology found that an essential oil mouth rinse containing thymol, menthol and eucalyptus was far more effective than an antiseptic mouthwash with fluoride.

Supplements (minerals, vitamins and antioxidants) Calcium, Phosphorus, Vitamin D, Vitamin C and Vitamin A have been found beneficial for your dental and gum health.

Remember what your mother/grandma said about Cod Liver Oil is still valid for oral and general health.

## About the Author



**Max Haroon** is a social entrepreneur, author and speaker. He is passionate about holistic health and Integrative medicine; he is the founder of the Healthy Age Foundation (HAF) www.healthyaging.foundation, previously Life Transformation Institute.

Max has authored seven books including *7 Steps to Dental Health* 7stepsdentalhealth.com/, which has been reviewed and praised by many health practitioners. Since 1997, Max has hosted many events (seminars, workshops and conferences) on health and Information/Internet technology.

*Max has culminated his passion for holistic health and natural medicine by establishing the Healthy Aging Foundation (HAF), which will bring educational events by practitioners of various health modalities. Sign-up to attend LIFE-Talks at www.healthyaging.foundation*

Details: www.maxharoon.org Contact at: contact@maxharoon.org

## About the Book



This Guide is compiled from ***7 Steps to Dental Health,*** *A Holistic Guide to a Healthy Mouth and Body*, authored by Max Haroon http://7stepsdentalhealth.com. A presentation based on the Reference Guide is available for any group/organization

**This book (over 240 pages), now In Its 3rd Revised Edition is the result of over three years of research and collaboration among seven health practitioners in medicine, dentistry, dental hygiene, nutrition and Herbology.**

- 100+ point plan to assess your oral health and conduct a self-examination of your mouth
- Dental infections and their connection to the body
- A seven-step process to clean your teeth and mouth to achieve optimal oral health
- Harmful chemicals commonly used in toothpaste and mouthwashes
- Mercury amalgam fillings, protocols to remove these fillings and metal-free replacement alternatives
- Tooth conditions and their treatments
- Practices of holistic hygienists & dentists
- Seven Essential Principles of nutrition for your body and teeth
- Nutritional supplements for your oral health
- Forty frequently asked questions about dental care
- Resources for Dental and Holistic Health

To be continued...

Dr. A. G. DHADA
M.S. (Ortho)
Consulting Orthopaedic
& Hand Surgeon

Dhada Hospital
Fracture, Accident, Orthopaedic & Surgical Hospital,
Address: Near Raj Talkies, Tembhode Road, Palghar 401 404.
Timing: 10:00 am to 1:00 pm Tel.: 02525 254229 / 251472
City General Hospital
General & Industrial Trauma Centre
Address: Near SBI, Khodaram Baug, Tarapur Road,
Boisar, Dist. Thane, Timing: 4:00 pm to 7:00 pm
Tel.: 02525 267181 Mobile: +91 98231 82340

MUSTAK - +91 9879909192
KADAR - +91 98792 79296
SHAMIYANA DYEING
MANUFACTURERS & PRINTERS OF ALL TEXTILE PRODUCTS
JETPUR-NAVAGADH, GUJARAT (INDIA) - 360 370.
Tel.: +91-2823-224345, Fax: +91-2823-220982, E-mail: shamiyanadyaing@gmail.com

RNI Regd. No. GUJGUJ/2017/76920 Times of Khatri August-2023 Postal Regd. No. Rajkot/707/2022-2024

If undelivered please return to:

ટાઈમ્સ ઓફ ખત્રી
Times of Khatri

**Halai Muslim Khatri Trust**
Gokulnagar, Street No. 3, B/h. 50 Feet Road,
Kothariya Main Road, RAJKOT-2. Mob. 94272 52547

To,

Posting Dt. 7th of every month at Rajkot RMS

અનુસંધાન પાના નં. ૧નું ચાલુ...

તદુપરાંત આ લોકમતનું જે પણ પરિણામ વિવિધ જમાતો પાસેથી મળે તેની નિષ્પક્ષ અમલવારી સમિતિની સભ્યો તેમજ વિવિધ આગેવાનો એ પોતાના અંગત અભિપ્રાયના પરિપેક્ષની બહાર રહીને કરવાની રહેશે.

આ પ્રક્રિયા માટે બે (૨) મહિનાનો પૂરતો સમય ફાળવવામાં આવેલ, જેથી પૂરતા વિચાર-વિમર્શ અને સુજ બુજ સાથે બિરાદરીના પરિવારો પોતાનો અભિપ્રાય કોઇ પ્રકારના બાહ્ય પભાવ કે દબાણ વગર આપી શકે. દરેક જમાતો પાસેથી સીલબંધ કવરમાં આ લેખિત લોકમત હાલાઇ મુસ્લિમ ખત્રી ફેડરેશન ઓફિસે મંગાવવામાં આવેલ અને ત્યારબાદ સમિતિની કારોબારી મિટિંગ દરમ્યાન સમગ્ર સમિતિની ઉપસ્થિતિમાં આ સીલબંધ કવરો ખોલવામાં આવેલ અને મતની ગણતરી કરવામાં આવેલ. આ પરિણામે સમાજમાં થોડા સમયથી પ્રવર્તી રહેલા ઘણા સંશયો દૂર કરી આપેલ. ૫૮ ટકા બિરાદરીએ વ્યાખ્યા અબાધિત રાખવા અને ૪૨ ટકા બિરાદરી એ વ્યાખ્યા બદલવાનો અભિપ્રાય આપેલ.

આ શું સૂચવે છે. તદ્દન સીધી અને સરળ વાત છે કે આપણી બિરાદરીને પોતાની વ્યાખ્યા માટે ગર્વ છે અને હોવો'ય જોઇએ. કારણ કે જે વ્યાખ્યા આપણને હાલાઇ ખત્રીની લેખિત ઓળખ પ્રદાન કરે છે, તો સાથે એ વ્યાખ્યા બિરાદરીમાં કોઇ પ્રસંગને બાધારૂપ'ય નથી બનતી. વ્યાખ્યા બદલવાની જરૂરીયાત માટે એ કારણ રજૂ કરવામાં આવે છે કે કોઇ છોકરો પરનાતની છોકરી પરણવા જાય તો અથવા છોકરી પરનાતમાં પરણાવવી હોય તો મુશ્કેલીઓનો સામનો થાય છે. તેનો જવાબ માત્ર એટલો જ છે કે શું આપણે એ સુનિશ્ચિત કરી શકીએ કે હાલાઇ મુસ્લિમના કોઇ ઘરમાં આજ સુધી કોઇ પરનાતની છોકરી નથી? શું પરનાતમાં કોઇ દીકરીના લગ્ન નથી થયા?

જો કે વ્યાખ્યા એવો સળગતો અને જટિલ મુદ્દો છે કે તેના વિશે ચર્ચામાં જેટલો સમય ફાળવવામાં આવે એટલો ઓછો જ પડે અને લેખક અંતમાં એટલું ચોક્કસ કહેવા માંગે છે કે વ્યાખ્યા સાથે છેડછાડ આપણી બિરાદરીમાં ભાગલાનું કારણ બની શકે, જે સમાજના હિતમાં સારૂ ન કરી શકાય.

અલ્લાહ આપણને બિરાદરીના વિશાળ હિતમાં વિચારવાની અને એક રહેવાની હિદાયત બખ્શે, આમીન.

*જે વ્યક્તિ એવી સ્ત્રીના હાથને છૂએ જેનાથી તેનો જાઇઝ રીશ્તો ન હોય,*
*કિયામતના રોજ તેની હથેળી ઉપર અંગારો રાખવામાં આવશે. (હદીષે પાક)*

★

*જે વ્યક્તિ લોકોની રજા વગર તેમના ઘરોમાં છૂપી રીતે જુએ તો*
*ઘરવાળાઓ માટે હલાલ છે કે તેની આંખ ફોડી નાંખે. (હદીષે પાક)*

★

*કોઈપણ પાક દામન સ્ત્રી ઉપર જુઠો આક્ષેપ લગાવવાથી એક સો વર્ષના નેક આમાલ*
*બરબાદ થઈ જાય છે. (હદીષે પાક)*

★

*સરકાર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે લાઅનત ફરમાવી છે, પુરૂષોનો લીબાસ પહેરવાવાળી સ્ત્રી ઉપર*
*અને સ્ત્રીઓનો લીબાસ પહેરવાવાળા પુરૂષ ઉપર. (હદીષે પાક)*

★

*અલ્લાહ તઆલા ખિયાનત કરવાવાળી આંખોને અને*
*દિલોમાં છૂપાયેલી વાતોને જાણે છે. (કુર્આને પાક)*

★

*તમો વ્યભિચારના નજીક ન જાઓ. યકીનન તેમાં બેહયાઇ અને ખુદાની નારાઝગી છે.*
*તે અત્યંત ખરાબ રસ્તો છે. (કુર્આને પાક)*

## ખત્રી બિરાદરો જોગ...

કોઇપણ સમાજને શિક્ષિત, ચેતનવંતો, કુરિવાજવિહીન બનાવવા માટે જો કોઇ મુખ્ય સ્ત્રોત પૈકી હોય તો તે સમાજનું મુખપત્ર છે. જેના થકી સમાજમાં પ્રવર્તી રહેલા પ્રવાહોને વાચા આપવામાં આવે છે, પોતાના વિચારોને સમગ્ર સમાજ સામે રજૂ કરી શકાય છે, સમાજના દૂષણો પ્રત્યે ધ્યાન દોરવામાં આવે છે, તેને ડામવાના વિચારો રજૂ કરવામાં આવે છે. આવી તમામ જવાબદારીઓ 'ટાઇમ્સ ઓફ ખત્રી' બખૂબી બજાવી રહ્યું છે અને તેનો ફાયદો પણ આપ લોકોની સમક્ષ દેખાઇ રહયો છે. સમાજ આજે જાણે તંદ્રામાંથી જાગીને, ઉત્સાહિત થઇને સમાજહીતના કામે લાગી ગયો છે. તેવા સમયે આપણી પણ ફરજ બની રહે છે કે આપણું આ મુખપત્ર વર્ષો સુધી સમાજની સેવામાં સેતુરૂપ કાર્ય કરતું રહે, એ માટે આપનું લવાજમ તાત્કાલિક ઓફિસે મોકલી આપવું. આપની આ લવાજમરૂપી સહાયથી જ આપણું 'ટાઇમ્સ ઓફ ખત્રી' ટકી રહેશે.

Printed by NAZIR V. SHERASIA and published by SAMIR R. GHUMARA, Secretary of trust on behalf of HALAI MUSLIM KHATRI TRUST and printed at STAR COMPUTER, C-101, POOJA COMPLEX, HARIHAR CHOWK, RAJKOT-1, GUJARAT and published at HALAI MUSLIM KHATRI TRUST, RAJKOT at GOKULNAGAR, STREET NO. 3, B/H. 50 FEET ROAD, KHOTHARIYA MAIN ROAD, RAJKOT. Editor RAFIK ABUBAKAR CHHATBAR.